# કૃષિ ઈજેનરી અને ટેકનોલોજી કાલેજ
# આણંદ કૃષિ યુનિવર્સીટી,
# ગોધરા- ૩૮૯૦૦૧

કૃષિ ઇજેનરી અને ટેક્નલોજી મહાવિદ્યાલય , આ.કૃ.યુ., ગોધરા દ્વારા "G-20 summit 2023" અંતર્ગત જુદા જુદા વિષયો ઉપર કરવાના થતા કાર્યક્રમોમાં "Future of Work Industry 4.0" વિષયને ધ્યાને લઈ ઈન્ડસટ્રેયલ વિસિટનું આયોજન તા. ૩૧/૦૫/૨૦૨૩ ના રોજ, Amul Main Plant, Anand માં કરવામાં આવ્યું હતું. આ આયોજન મહાવિદ્યાલયના આચાર્ય અને ડીનશ્રી ડો. આર. સુબેયાહ, "G-20 summit 2023" ની થીમ "Future of Work Industry 4.0" ના કન્વીનર શ્રી કપિલ મન્ડલોઈના માર્ગદર્શન હેઠલ કરવામાં આવ્યું હતું. આ ઈન્ડસટ્રેયલ વિસિટનું નેતૃત્વ બેસિક ઈજેનરી અને અપ્લાઈડ સાઈન્સ વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડો બ્રિજેશ અમીન તેમજ શ્રીમતી શેફાલી મોદી, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા કરવામાં આવેલ હતો, સદર મુલાકાતમાં બી.ઈ.એ.એસ. વિભાગના શ્રી નિલેશ પ્રજાપતિ અને આર. ઈ વિભાગના શ્રી જગદીશ ચાવડા પણ જોડાયા હતા. આ ઈન્ડસ્ટ્રી વિસિટ થી વિધ્યાર્થીયોને રૂબરૂમાં વિસિટના મુખ્ય હેતુ "Future of Work Industry 4.0" વિશે તેમજ Amul Plant, Anand માં થતી ભિન્ન- ભિન્ન કામગીરી જોવાની તક મળી હતી, આ સાથે ભવિષ્યમાં AI અને હાલમાં ઉપયોગ થતી આટોમેટિક મશીનોની કાર્યપ્રણાલી વિષયે કંપનીના વિષય નિષ્ણાત કર્મચારિયો દ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ હતી , આ વિસિટ વિધ્યાર્થીયોને "Future of Work Industry 4.0" વિષયે વધુ સ્પષ્ઠ ચિત્ર અને સમજ આપવામાં સફળ થયી એવું વિદ્યાર્થિયોના પ્રતિભાવોથી જણાતું હતું.વિસિટમાં મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થિયોને ઉત્સાહભેર ભાગ લીઘેલ હતો અને વિસિટ ના અંતે Amul કંપનીના વિસિટ માટેની પરવાનગી આપનાર તેમજ કંપનીના કુશળ કર્મચારિયો ને કંપનીની કાર્યપ્રણાલી વિષયે ઊંડાણ પૂર્વક જ્ઞાન આપવા બદલ અભાર આપવામાં આવેલ હતો. ઈન્ડસ્ટ્રીયલ મુલાકત પ્રવાસની સારી યાદો અને ઈન્ડસ્ટ્રી કાર્યપ્રણાલીના વિષયે રૂબરૂ જોવા અને સસમજવાના સફળ અનુભવ સાથે પૂર્ણ થઈ હતી.






*******************************************************************************